# ભેસ્તાનમાં ગુંડા રાજ, ૧૫ દિવસમાં ૩ હત્યા




**ઘટના-1 | તા.૫ ઓગસ્ટ**

## જેલમાં ઘડાયો સતીશ મરાઠાની નિર્મમ હત્યાનો પ્લાન



ગત તા.૫ ઓગસ્ટના રોજ ભેસ્તાનમાં સતીશ મરાઠા નામના ઈસમ પર સગીરો અને હુમલાખોરોએ કુહાડી, કોયતા અને તલવાર વડે તૂટી પડી માથું ફાડી નાંખી તેમજ આંગળા કાપી નિષ્ઠુર હત્યા કરી હતી. તપાસમાં ખુલાસો થયો કે આ હત્યાનો પ્લાન લાજપોર મધ્યસ્થ જેલમાં બંધ ગુજસીટોકના આરોપી રાહુલ મંડલે જેલમાંથી જ ઘડ્યો હતો.

**ઘટના-2 | તા.૧૮ ઓગસ્ટ**

## હત્યાનો ગુનો દાખલ કરવા પોલીસ મુહૂર્તની રાહ જોઈ છે



ગત તા.૧૮ ઓગસ્ટની રાત્રે ઉનમાં લઘુશંકા કરવા જેવી બાબતે થયેલી તકરારમાં ૧૮ વર્ષીય ગરીબ શ્રમિક નિતેશ ખેડેકરનું અજાણ્યા શખ્સોએ ગળું દબાવી હત્યા કરી નાંખી છે. પીએમ રિપોર્ટ બાદ પણ ભેસ્તાન પોલીસે હજુ સુધી હત્યાનો ગુનો નહીં દાખલ કરતાં તંત્રની ઢીલી નીતિ સામે પણ અનેક સવાલો ઊભા થયા છે.

**ઘટના-3 | તા.20 ઓગસ્ટ**

## ગોલ્ડન આવાસમાં વેપારીની છરી-તલવારથી હત્યા



હજુ આ બનાવોની સ્યાહી સુકાઈ નથી ત્યાં ગત રાત્રે ભેસ્તાનના ગોલ્ડન આવાસ પાસે ભંગારનો વેપાર કરતા 30 વર્ષીય સલમાન રૂસ્તમ સૈયદ નામના 3 બાળકના પિતાને ૪થી ૫ ઈસમોએ ઘેરી લઈ તલવાર અને છરીના ઘા ઝીંકી ક્રૂરતાપૂર્વક પતાવી દીધો હતો. ભૂતકાળમાં બાળકો વચ્ચે થયેલા ઝઘડાની અદાવતમાં આ લોહિયાળ ખેલ ખેલાયો હતો.




## ગુજસીટોકના ગુનેગારો જેલમાંથી મર્ડર પ્લાન ઘડે છે અને સગીરો હાથમાં હથિયારો સાથે ખુલ્લેઆમ તાંડવ મચાવે છે

### 'ખાખીનો ખોફ' કાગળ પર જ રહેતાં ગૃહ વિભાગની કામગીરી સામે ગંભીર સવાલો

સુરતઃ ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી તરીકે વિશ્વભરમાં ખ્યાતિ ધરાવતું સુરત શહેર હવે ધીમે ધીમે 'ક્રાઈમ કેપિટલ' તરફ ધકેલાઈ રહ્યું હોય તેવી ભયાનક સ્થિતિ સર્જાઈ છે. 'સ્માર્ટ સિટી'નો તગડો દાવો કરતા સ્થાનિક વહીવટી તંત્ર અને રાજ્યના સમર્થ ગૃહ વિભાગના નાક નીચે ગુનેગારો બેફામ બનીને ખુલ્લેઆમ લોહિયાળ ખેલ ખેલ્યા કરે છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કેટલી કથળી ચૂકી છે તેના પુરાવા માત્ર ભેસ્તાન પોલીસ મથકની હદ પૂરો પાડે છે. ભેસ્તાન વિસ્તારમાં તાજેતરમાં બનેલી ત્રણેય હત્યાની ઘટનાઓ ખાખી વર્દી અને કાયદાના રક્ષકો માટે ભારે શરમજનક સાબિત થઈ છે. સુરત શહેર આજે શાંતિપ્રિય નાગરિકો માટે સુરક્ષિત રહ્યું છે કે કેમ? જેલમાંથી ચાલતા ગુનાહિત નેટવર્કો, સગીરોના હાથમાં રમતા તીક્ષ્ણ હથિયારો અને સામાન્ય બાબતે રોડ પર થતી હત્યાઓ દર્શાવે છે કે ગૃહ વિભાગ અને સુરત પોલીસનું પેટ્રોલિંગ માત્ર કાગળ પર છે.

**કુબેર ભંડારી મહાદેવ મંદિર**




## ડભોઈ જઈ નહીં શકનારા માટે અંબાજી રોડનું કુબેર ભંડારી મહાદેવ મંદિર

**શ્રાવણમાં મહાદેવનો મહિમા**

સુરતઃ ભાગળ અંબાજી મંદિર રોડ પર ચોર્યાસી ડેરીની સામે આવેલું પ્રાચીન કુબેર ભંડારી મહાદેવ મંદિર અમાસના દિવસે શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું મહત્વનું કેન્દ્ર બની રહે છે. ખાસ કરીને ડુમસ, ભીમપોર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો અહીં અમાસ ભરવા માટે આવે છે. માન્યતા મુજબ, જે શ્રદ્ધાળુઓ વડોદરા જિલ્લાના ડભોઇ ખાતે આવેલૂ પ્રસિદ્ધ કુબેર ભંડારી મંદિર સુધી જઈ શકતા નથી, તેઓ સ્થાનિક રીતે આ મંદિરે આવી દર્શન-પૂજા કરી અમાસની ધાર્મિક વિધિ પૂર્ણ કરે છે. અમાસના દિવસે મંદિરમાં ભક્તોની અવરજવર વધતા સમગ્ર વિસ્તારમાં ભક્તિમય માહોલ જોવા મળે છે.

# ડો. હર્ષના મોતમાં ડીનને માત્ર નોટિસ જ કેમ? કડક પગલાં કેમ લીધાં નહીં?

**માઈક્રોબાયોલોજીના** વડાની બદલી કરાઈ પણ ડીન બ્રહ્મભટ્ટને બચાવાયાની ચર્ચા

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલના રેસિડેન્ટ ડોક્ટર ડો. હર્ષ પંડ્યાના આપઘાત કેસમાં માઇક્રોબાયોલોજી વિભાગના વડા ડો. સુમૈયા મુલ્લાને ત્રણ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

જોકે, મેડિકલ કોલેજના વહીવટી વડા અને રેસિડેન્ટ ડોક્ટરો સામે કાર્યવાહી કરવાની સત્તા ધરાવતા ડીન ડો. જયેશ બ્રહ્મભટ્ટને માત્ર નોટિસ આપવામાં આવતા હવે સમગ્ર કાર્યવાહી સામે સવાલો ઉઠી રહ્યા છે.

મૃતકના પરિવારજનો સહિત તબીબોમાં પણ આ નિર્ણયને લઈને નારાજગી જોવા મળી રહી છે.

હર્ષ પંડ્યાના આપઘાત બાદ રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ડીન અને સંબંધિત HODની જવાબદારી હોવાની વાત કરી હતી અને તપાસ બાદ જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. પરંતુ હવે કાર્યવાહીનો વારો આવ્યો ત્યારે HODને ત્રણ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જ્યારે ડીનને માત્ર કારણદર્શક નોટિસ આપીને સંતોષ માનવામાં આવ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

### રેસિડેન્ટ સામે કાર્યવાહી કરવાની સત્તા ડીન પાસે, તો જવાબદારી કોની?'

મેડિકલ કોલેજના સૂત્રોના જણાવ્યા મુજબ, રેસિડેન્ટ ડોક્ટરો સામે શિસ્તભંગ કે અન્ય કાર્યવાહી કરવાની પ્રક્રિયામાં ડીનની ભૂમિકા મહત્વપૂર્ણ હોય છે. ત્યારે જો રેગિંગની ઘટના રોકવામાં કે સમયસર કાર્યવાહી કરવામાં તંત્ર નિષ્ફળ ગયું હોય તો માત્ર HODની જવાબદારી નક્કી કરીને ડીનને નોટિસ પૂરતી કાર્યવાહી માનવી કે નહીં તે અંગે હવે ચર્ચા શરૂ થઈ છે. મૃતકના પરિવારજનો અને તબીબોમાં એવી લાગણી જોવા મળી રહી છે કે જવાબદારી જો બંનેની હતી તો સજા પણ સમાન ધોરણે કેમ નહીં? જોકે, ડીન સામે અંતિમ નિર્ણય હજુ બાકી હોઈ શકે છે અને નોટિસ બાદની પ્રક્રિયા શું રહેશે તે જોવું મહત્વનું રહેશે.

# POYના ઊંચા ભાવથી ઉનના 800 કારખાના મંગળ-બુધ રજા પાડશે

**ક્રૂડ-રો** મટિરિયલના ભાવ ઘટ્યા છતાં POY યાર્નના ભાવ વધ્યા, વીવર્સ ભીંસમાં

સુરતઃ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ અને યાર્નના રો-મટિરિયલના ભાવમાં ઘટાડો થયા બાદ પણ POY ઉત્પાદક સ્પિનર્સ દ્વારા યાર્નના ભાવ ઘટાડવાના બદલે ઊંચા રાખવામાં આવતાં સુરતના એમએમએફ આધારિત વિવિંગ ઉદ્યોગમાં ચિંતાના માહોલ ઊભો થયો છે. મોંઘા યાર્નની ખરીદી વિવર્સની ઉત્પાદન ક્ષમતા બહાર જતાં ઉન વિસ્તારની 8 જેટલી ઈન્ડસ્ટ્રિયલ સોસાયટીના આશરે 800 પાવરલૂમ કારખાનાંએ નુકસાન અટકાવવા માટે સપ્તાહમાં બે દિવસ–મંગળવાર અને બુધવારે કારખાનાં બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. તહેવારોની સિઝન નજીક હોવા છતાં વિવિંગ ઉદ્યોગને ઉત્પાદન ઘટાડવાની ફરજ પડી છે.

ઉન વિસ્તારની તસ્લીમ નગર વિવિંગ સોસાયટીના પ્રમુખ શાહિદ કાપડિયાએ જણાવ્યું હતું કે, બજારની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઉન વિસ્તારના વિવિધ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટના વિવર્સ આગેવાનોની બેઠક યોજાઈ હતી. બેઠકમાં શાલીમાર, તસ્લીમ નગર, રાજ ઈન્ડસ્ટ્રિયલ, ધામણવાલા ઈન્ડસ્ટ્રિયલ, પી.એમ. ધામણવાલા ઈન્ડસ્ટ્રિયલ, ઉન ઓલ્ડ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, મિત એન્ડ મીર ઈન્ડસ્ટ્રિયલ, સારા ઈન્ડસ્ટ્રિયલ, ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ અને નવાબ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટના વિવર્સ પ્રતિનિધિઓએ ચર્ચા કરી હતી. ચર્ચા બાદ વધતી નુકસાનીને અટકાવવા સપ્તાહમાં બે દિવસ કારખાનાં બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિવર્સનું કહેવું છે કે, હાલના યાર્નના ભાવ અને કાપડના બજાર ભાવ વચ્ચેનું ગણિત જળવાતું નથી. પરિણામે ઉત્પાદન ચાલુ રાખવાથી નફો તો દૂર રહ્યો, પરંતુ નુકસાનમાં વધારો થઈ રહ્યો છે. ઉન વિસ્તારના નાના વિવર્સ ખાસ કરીને 6 કિલોની ક્વોલિટીનું કાપડ બનાવે છે. યાર્નના હાલના ઊંચા ભાવને કારણે આવા વિવર્સનું કોસ્ટિંગ કિલો દીઠ રૂ.2.25થી રૂ.2.50 સુધી વધી ગયું છે. બીજી તરફ બજારમાં કાપડના ભાવમાં તે પ્રમાણમાં વધારો મળતો નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### અટલ પેન્શન યોજનામાં એક જ દિવસમાં 500 ખાતા ખોલાયા




અમદાવાદ : લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર સુરત જિલ્લો તથા બેંક ઓફ બરોડાનાં નાણાકીય સમાવેશ (FI) વિભાગનાં સંયુક્ત ઉપક્રમે તા.21મીના રોજ બારડોલી ખાતે અટલ પેન્શન યોજના બેંકો આપનાં આંગણે સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. PFRDAનાં CGM પ્રવેશકુમાર, તા. નાં AGM રૂબી વિનાયક ભવસાગર, SLBC ગુજરાત (BOB)માંથી DGM શ્રીમતી વીણાંબેન શાહ, BOB રીજીઓનલ ઓફિસ બારડોલીથી મયંક ઈદનાની ; IDFC બેંકનાં DGM નાગા રેવથી શ્રીપદા; BOIનાં RM મયંદ પ્રભે, SBIનાં RM રીનીસિંગ; IDFC First બેંકનાં RM વિગેરેની ઊપસ્થિતિમાં આ સંમેલન રાખવામાં આવ્યું હતું. 200થી વધારે ગ્રાહકો સંમેલનમાં હાજર રહ્યા હતા. સુરત જિલ્લાની તમામ બેંકની શાખાઓએ મળીને 500થી વધારે APY ખાતા ખોલવામાં આવ્યા હતા. વર્ષ 2025-26માં 100% થી વધારે લક્ષ્યાંક હાંસલ કરેલી 13 બેંકોને PFRDA દ્વારા પ્રશસ્તિ પત્ર આપવામાં આવ્યા હતા. સમારંભની સંપૂર્ણ તૈયારી સુરત જિલ્લાનાં લીડ બેંક મેનેજર LDM દિનેશ રોહિત દ્વારા કરવામાં આવ્યું હતું.

### વિવેકાનંદ ઇંગ્લિશ સ્કૂલ, ગોડાદરા ના બાળકો ઇન્ટર સ્કૂલ બેન્ડ કોમ્પિટિશનમાં પ્રથમ ક્રમાંકે



સુરતઃ ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલા પાર્ટી પ્લોટ ખાતે ગત તા. 21/08/2026ના રોજ ઇન્ટર સ્કૂલ બેન્ડ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત અને દક્ષિણ ગુજરાતની કુલ 13 શાળાઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગાઇડ કેપ્ટન મનિષા દવેના માર્ગદર્શન હેઠળ વિવેકાનંદ ઇંગ્લિશ સ્કૂલ, ગોડાદરાના બાળકોએ ઉત્કૃષ્ટ બેન્ડ પ્રદર્શન કરી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે અને શાળાનું ગૌરવ વધાર્યું છે. વિજેતા બાળકોને આયોજકો દ્વારા ટ્રોફી, સન્માન પત્રક અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. બાળકોની આ સિદ્ધિ બદલ શાળા પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે. શાળાના આચાર્યશ્રી અને સમગ્ર શિક્ષકગણ દ્વારા વિજેતા બાળકો અને ગાઇડ કેપ્ટન મનિષા દવે ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### મદ્રેસા તૈયબિયહ બોયઝ (ટેક્નિકલ) હાઈસ્કૂલ દ્વારા ડ્રગ્સ મુક્તિ અને તિરંગા યાત્રા યોજાઈ




સુરતઃ સુરતમાં મદ્રેસા તૈયબિયહ બોયઝ (ટેક્નિકલ) હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા આજે ડ્રગ્સ મુક્તિ અને તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રામાં સ્કૂલના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને નશામુક્ત સમાજ તેમજ દેશભક્તિનો સંદેશ પાઠવ્યો હતો.

### સુયોગ નગરમાં રાષ્ટ્રીય પર્વની ઉલ્લાસભેર ઉજવણી



સુરતઃ સ્વતંત્ર દિન નિમિત્તે સુયોગ નગર સોસાયટી ભટાર ખાતે પ્રમુખ નીરવ પુરોહિત ઉપપ્રમુખ રાજુભાઈ પરમાર સેક્રેટરી અશોકભાઈ ચૌધરી ને તેમજ વોર્ડ નંબર 22ના કોર્પોરેટર હિમાંશુ રાવલજીની ઉપસ્થિતિમાં કોર્પોરેટર શીતલબેન પટેલના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. નિમંત્રિત મહાનુભાવો, સોસાયટીના રહીશો ઉપરાંત સ્થાનિક નાગરિકોએ ઉપસ્થિત રહી રાષ્ટ્રીય પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરી હતી.

### પંચમ્ ગ્રુપ દ્વારા રવિવારે સુનીલ દત્ત, સંજીવકુમાર, નૂતન-નંદાના ફિલ્મી ગીતોની સ્પર્ધા

સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા અભિનેતા સુનિલ દત્ત અને સંજીવ કુમાર તેમજ અભિનેત્રી નૂતન અને નંદાના ફિલ્મી ગીતોની સ્પર્ધાનો જાહેર કાર્યક્રમ આગામી રવિવાર તા.૨૩મી ઓગસ્ટના બપોરે ૪થીટ સ્વરાંગન સ્ટુડિયો, સ્ટેડિયમ પ્લાઝા, નવી એલપી સવાણી સ્કૂલ પાસે, પાલ ખાતે રાખવામાં આવ્યો છે આ કાર્યક્રમ માણવા માટે કોઈ પ્રવેશ ફી નથી.

### 'હું તને પ્રેમ કરું છું' એમ કહી સગીરા પર બળાત્કાર ગુજારનાર કાકાને સજા

સુરત : 'હું તને પ્રેમ કરૂ છું અને તારી સાથે લગ્ન કરવા માંગુ છુ' તેમ કહીને કૌટુંબિક કાકાએ ૧૪ વર્ષીય ભત્રીજી પર અવારનવાર બળાત્કાર ગુજારવાનાં પોક્સો કેસમાં કોર્ટે આરોપી કૌટુંબિક કાકાને ૨૦ વર્ષની સખત કેદની સજા અને ૫૦ હજારનો દંડ ફટકાર્યો હતો. આ કેસની ફરિયાદ ભોગ બનનારની માતાએ તા. ૧૭-૧૦-૨૦૨૩ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં આરોપી રવિ ભગવાનદાસ ઉર્ફે કાશીરામ રાઠોડ (વરાછા) વિરુદ્ધ નોંધાવી હતી. આરોપી રિક્ષાચાલકને ભોગ બનનાર કાકા કહેતી હતી. કૌટુંબિક પરિચય હોવાથી ભોગ બનનાર અવારનવાર આરોપીનાં ઘરે જતી હતી. આરોપીએ હું તને પ્રેમ કરૂ છું અને તારી સાથે લગ્ન કરવા માંગુ છુ તેમ કહીને વારંવાર ભોગ બનનાર પર બળાત્કાર કર્યો હતો.

# ફાયર સ્ટેશન સામે કાર પાર્ક કરી દેનાર મહિલાને રૂ. 5000નો દંડ

**10થી 15** મિનિટ સુધી સાયરન વગાડવા છતાં કાર માલિક મહિલા વેસુના ફાયર સ્ટેશને આવી નહીં, પોલીસે ઇ-ચલણ મારફતે દંડ ફટકાર્યો



સુરતઃ શુક્રવારે સાંજે વેસુ ફાયર સ્ટેશનની બહાર એક મહિલાએ કાર પાર્ક કરી શોપિંગ કરવા ચાલી જતા ફાયર વિભાગની કામગીરી ખોરવાઈ હતી. મળતી માહિતી મુજબ શુક્રવારે સાંજે આશરે સાત વાગ્યાના અરસામાં એક મહિલા પોતાની કાર વેસુ ફાયર સ્ટેશનની આગળ પાર્ક કરીને શોપિંગ માટે ચાલી ગઈ હતી. દરમિયાન ફાયર વિભાગને દશામાના વ્રત નિમિત્તે બંદોબસ્ત માટે જવાનું થતાં ફાયર વાહનોને બહાર કાઢવાની જરૂર પડી હતી. જોકે, ફાયર સ્ટેશનની આગળ પાર્ક કરેલી કારના કારણે વાહનોને બહાર કાઢવામાં મુશ્કેલી પડી હતી. ફાયર વિભાગના કર્મચારીઓએ કાર હટાવવા માટે 10થી 15 મિનિટ સુધી સતત સાયરન વગાડવા છતાં કાર માલિક મહિલા સ્થળ પર પરત આવી નહોતી. આખરે ફાયર વિભાગના અધિકારીએ પોલીસ કંટ્રોલમાં જાણ કરતાં પોલીસની ટીમ સ્થળ પર દોડી આવી હતી. પોલીસ પહોંચે તે દરમિયાન મહિલા પણ પોતાની કાર પાસે આવી ગઈ હતી અને કાર લઈને ત્યાંથી નીકળી ગઈ હતી. જોકે, પોલીસે કારના નંબરના આધારે મહિલા સામે રૂ.5 હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો.



# ગુરુ એ કોઈ વ્યક્તિ નથી પણ વિરાટ છેઃ જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી

**પંન્યાસપ્રવર** ચન્દ્રશેખરવિજયજી મહારાજાની 15મી પુણ્યતિથિ નિમિત્તે વિવિધ કાર્યક્રમો થયા

ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીમાં આરાધના ભવન ખાતે જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજના સાંનિધ્યમાં પંન્યાસપ્રવર ચન્દ્રશેખરવિજયજી મહારાજાની 15મી પુણ્યતિથિ નિમિત્તે ત્રિદિવસીય 'ગુરુગુણ ગૌરવોત્સવ'ના દ્વિતીય દિવસે અનંત લબ્ધિના ભંડાર અને 50 હજાર કેવલજ્ઞાની શિષ્યના ગુરુ ગૌતમમહારાજા અને ગુરુમૈયાની ચરણ પાદુકાનું મંત્રોચ્ચારપૂર્વક સંગીતની સરગમ સાથે વિશિષ્ટ પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં 100 પરિવારો જોડાયા હતા. દરેક ગૃપમાં પાંચ વ્યક્તિઓએ પૂજન કર્યું હતું. 500થી વધુ ભાવિકો આ અનુષ્ઠાનોમાં જોડાયા હતા. આ અસરે આ. પ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, ગુરુ એ કોઈ વ્યક્તિ નથી પણ વિરાટ છે. ગુરુ ગૌતમ સ્વામીના જીવનમાં મહત્ત્વના ત્રણ ગુણો આંખો ઊડીને વળગે તેવા હતા.

# તાપી શુદ્ધીકરણનું મોડેલ હવે ગંગા બેઝિનમાં અજમાવવાની તૈયારી

**નમામી** ગંગેની ટીમે પ્રોજેક્ટને રાષ્ટ્રીય સ્તરે મોડેલ બનાવવા સૂચન કર્યું

સુરતઃ સુરત મહાનગરપાલિકા અને સુડા દ્વારા સંયુક્ત રીતે રૂ.960 કરોડથી વધુના ખર્ચે હાથ ધરાયેલા તાપી શુદ્ધીકરણ પ્રોજેક્ટનાં પરિણામોની નોંધ હવે કેન્દ્ર સરકારના સ્તરે લેવાઈ છે. કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય હેઠળના રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન અને જળસંશાધન, નદી વિકાસ તથા ગંગા સંરક્ષણ વિભાગની ટીમે સુરતની ત્રણ દિવસીય મુલાકાત દરમિયાન તાપી શુદ્ધીકરણ પ્રોજેક્ટની કામગીરી અને પરિણામોનું નિરીક્ષણ કર્યું હતું. કેન્દ્રીય ટીમે ગંગા રિવર બેઝિનમાં નદી શુદ્ધીકરણના પ્રોજેક્ટમાં સુરતના તાપી શુદ્ધીકરણ મોડેલને અમલમાં મૂકવાની શક્યતાઓ ચકાસવા સૂચન કર્યું છે.

### તાપી શુદ્ધીકરણનું 960 કરોડનું બજેટ તો માત્ર 35 ટકા કામોમાં વપરાઈ ગયું

તાપી શુદ્ધીકરણના દાવા ભલે ઢોલ નગારાં વગાડીને કરવામાં આવી રહ્યા હોય અને આજે સુરત આવેલી નમામી ગંગે પ્રોજેક્ટની ટીમે પણ તેને વખાણીને ગંગા બેઝિન પ્રોજેક્ટમાં તાપીનું મોડેલ લાગુ કરવાની તૈયારી બતાવી હોવાનો દાવો કરાયો છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે, તાપી શુદ્ધીકરણ માટે જે ફંડ ફાળવાયું છે તે તો માત્ર શહેરી વિસ્તારમાં જ આઉટલેટ બંધ કરવામાં ખર્ચાઇ ગયું છે. અને તાપી શુદ્ધીકરણ પ્રોજેક્ટ હજુ માંડ 30થી 35 ટકા પર પહોંચ્યો છે.

# બાથરૂમની જાળી તોડી દુકાનમાં ઘૂસી રોકડા રૂ. 10 લાખની ચોરી

**બેગમવાડીની** મિલન માર્કેટમાં તસ્કરો દુકાન સાફ કરી ગયા

સુરત : બેગમવાડી વિસ્તારમાં મિલન ટેક્સટાઈલ માર્કેટમાં આવેલી ડ્રેસ મટીરીયલ્સની દુકાનમાંથી બાથરૂમની લોખંડની જાળી તોડી અંદર પ્રવેશેલા અજાણ્યા ચોર કાઉન્ટરનું લોકર તોડી અંદર રાખેલા અઠવાડિયાના વેપાર ધંધાના રૂપિયા ૧૦,૦૦,૦૦૦ ની રોકડ રકમ ચોરીને ફરાર થઈ ગયા છે.

મૂળ રાજકોટના ધોરાજીના વતની અને હાલ મોરાભાગળ સીટી હોમ્સ ખાતે રહેતા અફઝલ જાવિદમીયા નાગાણી (ઉ.વ. ૩૫) પોતાના નાના ભાઈ ફઝલ સાથે બેગમવાડી સ્થિત મિલન ટેક્સટાઈલ માર્કેટની દુકાન નંબર ૨૦૨ માં 'રબ્બાની ફેબ્રિક્સ' ના નામે છેલ્લા બે વર્ષથી ડ્રેસ મટીરીયલ્સનો હોલસેલ વેપાર કરે છે. ગત તા. ૧૯ ઓગસ્ટના રોજ આખો દિવસ કામકાજ પૂર્ણ કર્યા બાદ અઠવાડિયા દરમિયાન આવેલા રૂપિયા ૧૦ લાખના રોકડ પેમેન્ટની ગણતરી કરી બંને ભાઈઓએ આ રકમ દુકાનના કાઉન્ટરના ગલ્લામાં મૂકી લોક કરી રાત્રે સાડા નવ વાગ્યે ઘરે ગયા હતા. બીજા દિવસે તા. ૨૦ ઓગસ્ટના રોજ સવારે ૧૧ વાગ્યે નાનો ભાઈ ફઝલ દુકાને પહોંચ્યો હતો. તેણે દુકાન ખોલી અંદર પ્રવેશતાં જ બાથરૂમનો દરવાજો ખુલ્લો અને તેની પાછળ આવેલી લોખંડની જાળી તૂટેલી હાલતમાં જોઈ હતી. એટલું જ નહીં, ઓફિસનું કાઉન્ટર ખસેડેલું હતું અને લોકર પણ તોડી નાખવામાં આવ્યું હતું. લોકરમાં મુકેલા વેપારના રોકડા રૂપિયા ૧૦,૦૦,૦૦૦ ગાયબ હતા.

# સારોલીમાં ધાબા પર જુગાર રમતા બે વેપારી સહિત 6 ઝડપાયા

**૫.૦૫** લાખ રોકડ અને મોબાઈલ મળી ૬.૨૫ લાખની મત્તા જપ્ત કરવામાં આવી

સુરત : સારોલી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફે સારોલી નેચરવેલી સોસાયટીની બાજુમાં આવેલા ક્રિષ્ણાપાર્ક ઈન્ડસ્ટ્રીઝ વિભાગ-૧, પ્લોટ નં. ૩૪ ના ધાબા ઉપર દરોડા પાડી છ જુગારીઓને પકડીને દાવ પરથી મળેલા રોકડા રૂપિયા ૩૭,૦૦૦ તથા આરોપીઓની અંગઝડતીમાંથી મળી આવેલા રોકડા રૂપિયા ૪,૬૮,૦૦૦ એમ કુલ મળીને રૂપિયા ૫,૦૫,૦૦૦ ની રોકડ રકમ જપ્ત કરી હતી. આ ઉપરાંત, રૂપિયા ૧,૨૦,૦૦૦ ની કિંમતના ૬ નંગ મોબાઈલ ફોન અને ગંજીપત્તાની કેટો મળી કુલ રૂપિયા ૬,૨૫,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પકડાયેલા આરોપીઓ

**૧.** આશીષભાઈ મનસુખભાઈ લાલાણી (ઉં.વ. ૩૬, વેપાર, રહે. રિવરપેન્ટા સ્કાઈ, સરથાણા) **૨.** રાજેશભાઈ રતીલાલ પરસાણીયા (ઉં.વ. ૫૫, વેપાર, રહે. ગોલ્ડન હેવન, મોટા વરાછા) **3.** નંદરાય નાથાભાઈ કંટારીયા (ઉં.વ. ૫૮, નિવૃત્ત, રહે. રાજહંસ સ્વપ્ન, સરથાણા જકાતનાકા) **૪.** સતીષભાઈ કરમશીભાઈ વિરોજા (ઉં.વ. ૩૮, નોકરી, રહે. યોગીનગર સોસાયટી, યોગીચોક, વરાછા) **૫.** અશ્વિનભાઈ માવજીભાઈ પાનસેરીયા (ઉં.વ. ૪૫,નોકરી, રહે. મન મંદિર સોસાયટી, યોગીચોક, સરથાણા) **૬.** મનોજભાઈ પોપટભાઈ ગજેરા (ઉં.વ.૫૦, દલાલી, રહે. અંકુર સોસાયટી, મીનીબજાર, વરાછા)